# ઓનલાઇન ફોર્મ ભરવા અંગે અગત્યની સૂચનાઓ

- **આ એપ્લિકેશન ફોર્મ ગુજરાત રાજયની ચારેય કૃષિ યુનિવર્સિટીઓમાં જુનિયર કલાર્કની જગ્યા માટે છે.**
- **ફોર્મ નોંધણી લિંક:** www.aau.in અથવા www.jau.in અથવા www.nau.in અથવા www.sdau.edu.in પર ઓનલાઇન ભરવાનું છે

૧. ફોર્મ ભરવા પહેલાં તમામ સૂચનાઓ કાળજી પૂર્વક વાંચવાની ભલામણ કરવામાં આવે છે, તમામ બાબતો માટે કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા લેવાયેલ નિર્ણય અંતિમ રહેશે.

૨. રજીસ્ટ્રેશન માટે ઉમેદવારે નોંધણી લિંક www.aau.in અથવા www.jau.in અથવા www.nau.in અથવા www.sdau.edu.in નો ઉપયોગ કરીને રજીસ્ટ્રેશન/નોંધણી કરાવવી પડશે.

૩. ઉમેદવારે સાચુ ઇમેઇલ આઇડી અને મોબાઇલ નંબર આપવા માટે કાળજી લેવાની છે કારણ કે બધી જ પરીક્ષા લક્ષી માહિતી તેના ઉપર જ મોકલવામાં આવશે.Application ID Number એ જ ઉમેદવારનું User Name રહેશે જે Login સમયે ઉમેદવારે યાદ/લખી રાખવાનો રહેશે.

૪. રજીસ્ટ્રેશન/નોંધણી કર્યા પછી,ઉમેદવારને મોકલાવેલ પાસવર્ડનો ઉપયોગ કરીને ઉમેદવારે ફોર્મ ભરવાનું રહેશે.

૫. રજીસ્ટ્રેશન /નોંધણી કર્યા પછી,ઉમેદવારે આખું ફોર્મ કાળજી પૂર્વક વાંચી લઇ અને તમામ સંબંધિત દસ્તાવેજો એકત્રિત કરવાની સલાહ આપવામાં આવે છે, જરૂરી હોય તે મુજબ તેમને સ્કેન કરો અને માહિતી (ગુણ, વગેરે) તૈયાર રાખો જેથી ફોર્મ એક જ સમયે ભરી શકાય.

૬. જો ઉમેદવાર પછીથી ફોર્મ ભરવા માંગે છે, તો તેમને લૉગિન પેજની મુલાકાત લેવી પડશે અને તેમના વપરાશકર્તા નામ અને પાસવર્ડથી લૉગ ઇન કરવું પડશે અને પછી સંપૂર્ણ એપ્લિકેશન ફોર્મ ભરવાનું રહેશે.

૭. ફોર્મ ભરતી વખતે કાળજી લેવી અને માંગેલ બધી આવશ્યક વિગતોને યોગ્ય રીતે પૂરી પાડવાની સલાહ આપવામાં આવે છે કારણ કે કોઇ અધુરાશ/વિગતફેર હશે તો અરજી/એપ્લિકેશન રદ્દ થશે.

૮. ફોટોગ્રાફ, હસ્તાક્ષર વગેરે જેવા બધા જરૂરી દસ્તાવેજો સ્કેન કરેલા ફાઇલ JPEG અને JPG ફોર્મેટમાં તૈયાર રાખવા.

૯. ફોટોગ્રાફનું કદ 15KB કરતા વધુ હોવું જોઈએ નહીં અને દસ્તાવેજનું કદ 1MB કરતાં ઓછું હોવું જોઈએ PDF, JPEG અને JPG ફોર્મેટમાં હોવું જોઈએ.

૧૦. ઉમેદવારે અરજીમાં ભરેલી માહિતી સાચી છે તે બાબતને સ્વપ્રમાણિત કરવાની રહેશે.

૧૧. લાલ ફુંદડી (*) નીશાની/ચિન્હ હોય તેવી બધી વિગતો ફરજિયાત ભરવાની રહેશે. જો બધી વિગતો ભરવામાં આવેલી હશે તો જ ફોર્મ સબમીટ થઇ શકશે.

૧૨. ઉમેદવારે કોઇપણ ખોટી માહિતી અથવા અધૂરી માહિતી આપી હશે તો ભરતી પ્રક્રિયામાં કોઇપણ તબક્કે ઉમેદવારી રદ કરવામાં આવશે અને કૃષિ યુનિવર્સિટીનો નિર્ણય અંતિમ રહેશે અને પાછળથી કોઈ દાવાને ધ્યાને લેવામાં આવશે નહીં.

૧૩. **અરજી ફોર્મ કાળજીપૂર્વક ભરો અને ભરેલ ફોર્મ જોવા માટે પ્રિવ્યુ કર્યા પછી સબમિટ કરો, સબમિટ કર્યા બાદ ફેરફારો કરવા માટે કોઈ જોગવાઈ નથી.**

૧૪. કોઈપણ તકનીકી બાબત અથવા કોઈપણ અન્ય પુછપરછ માટે, ઉમેદવારોએ હેલ્પડેસ્કનો ફોન/ઇમેઇલ દ્વારા સંપર્ક કરવો અને પ્રત્યુત્તર માટે કૃષિ યુનિવર્સિટીઓની વેબસાઇટ/ઇ-મેઇલ જોતા રહેવું.

૧૫. જાહેરાતમાં આપવામાં આવેલી તારીખ અંતિમ છે અને ઉમેદવારો દ્વારા સમય સીમા લંબાવવાની કોઈ વિનંતી ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

૧૬. સાચો ફોટોગ્રાફ અપલોડ થયો છે તેની પુરતી ચકાસણી કરવી અને દરેક તબકકે તેનુ વેરીફીકેશન કરવામાં આવશે. જેથી કોઇ પણ તબકકે છળકપટ કે છેતરપીંડી માલુમ પડશે તો કાયદા અનુસાર કૃષિ યુનિવર્સિટી દ્વારા કાર્યવાહી કરવામાં આવશે.

# અરજી કરવા માટેના પગલાની વિગત

આ જાહેરાતના સંદર્ભમાં રાજય કૃષિ યુનિવર્સિટીઓ, ગુજરાત (આ.કૃ.યુ./ન.કૃ.યુ/જુ.કૃ.યુ./સ.દાં.કૃ.યુ) દ્વારા ઓનલાઈન જ અરજી સ્વીકારવામાં આવશે.ઉમેદવારે જાહેરાતમાં દર્શાવ્યા **તા.૨૬/૧૨/૨૦૧૮** (બપોરના ૧૨-૦૦ કલાક) **થી તા.૨૫/૦૧/૨૦૧૯** (સમય રાત્રીના ૨૩-૫૯ કલાક સુધી) દરમ્યાન www.aau.in અથવા www.jau.in અથવા www.nau.in અથવા www.sdau.edu.in વેબસાઈટ પર અરજી પત્રક ભરી શકશે.

ઉમેદવારે ઓનલાઈન ફોર્મ ભરતી વખતે તેઓ અનામત કેટેગરીમાં અરજી કરવા માંગે છે કે બિન-અનામત કેટેગરીમાં અરજી કરવા માંગે છે તે સ્પષ્ટ જણાવવું. એક વખત ઓન લાઈન અરજી કર્યા બાદ ઓન લાઈન ફોર્મમાં દર્શાવેલ જાતિ/કક્ષામાં કોઈ પણ પ્રકારનો ફેરફાર કરી શકાશે નહિ. તેમજ જો કોઈ ઉમેદવાર પાછળથી આ બાબતે રજુઆત કરશે તો તેની રજુઆત સ્વીકારવામાં આવશે નહી. ઓન લાઈન અરજી પત્રક ભરવા માટે નીચે જણાવેલ સુચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧. સૌપ્રથમ www.aau.in અથવા www.jau.in અથવા www.nau.in અથવા www.sdau.edu.in વેબસાઈટ પર જવુ.

૨. **વેબસાઈટ ઉપર જુનીયર કલાર્ક સંવર્ગની જગ્યાની વિગતો જોવા મળશે જે વાંચી જવી.**
   **(૧) જુનીયર કલાર્કની ભરતીની વિગતવાર જાહેરાત ઉપર કલીક કરવાથી સંપૂર્ણ જાહેરાત જોવા મળશે.**
   **(૨) ઓન લાઈન ફોર્મ ભરવાની માર્ગદર્શીકા જોવા મળશે. જે ઉમેદવારે વાંચીને ઓન લાઈન ફોર્મ ભરવાનું રહેશે.**
   **(૩) Online Application Form પર "Click" કરવાથી Application Format ખુલશે.**

૩. ત્યારબાદ Online Application Form પર "Click" કરવાથી Application Format ખુલશે જેમાં સૌ પ્રથમ રજીસ્ટ્રેશન ડીટેઈલમાં ઉમેદવારે પોતાનું પુરેપુરૂ નામ, હાલ ચાલુ હોય તે મોબાઈલ નંબર અને ઈ-મેઈલ એડ્રેસની વિગતો ભરવાની રહેશે. **(અહીં લાલ કુંદડી (*)** નીશાની હોય તેની વિગતો ફરજીયાત રીતે ભરવાની રહેશે.) ત્યાર બાદ વિગતો ભરાયા બાદ રજીસ્ટ્રેશન બટન પર "Click" કરવાથી Application Details ખુલશે

૪. ત્યાર બાદ મથાળે **(સ્કીનની ઉપર જમણી બાજુએ)** ફરજીયાત **Go to Application Form** પર જઈ ઉમેદવારે પોતાની ડીટેઈલ ભરવાની છે. જેના પ્રમાણપત્ર અપલોડ કરવાના છે તેની વિગતો નીચે મુજબ છે. (૧) ઉમેદવારનો તાજેતરનો ફોટો (૨) ઉમેદવારની સહી (૩) જન્મનું પ્રમાણપત્ર (૪) જાતિનું પ્રમાણપત્ર (લાગુ પડતુ હોય તેને માટે) (૫) શા.ખો.ખા.નું પ્રમાણપત્ર(લાગુ પડતુ હોય તેને માટે)(૬) રમત ગમતનું પ્રમાણપત્ર (લાગુ પડતુ હોય તેને માટે ) (૭)લગ્નનું પ્રમાણપત્ર (લાગુ પડતુ હોય તેને માટે )(૮) વિધવા મહિલા ઉમેદવાર માટે લગ્નનું પ્રમાણપત્ર અથવા પતિના અવસાનનું Death Certificate (૯) કોમ્પ્યુટરની જાણકારી અંગેનુ પ્રમાણપત્ર (૧૦) એકસ સર્વિસમેનનું પ્રમાણપત્ર (લાગુ પડતુ હોય તેને માટે)

૫. **Go to Application Form** પર જઈ ઉમેદવારે પોતાનું પુરેપુરુ નામ, પિતા/પતિનું નામ, પરણિત/અપરણિત/વિધવા/જન્મ તારીખ/શા.ખો.ખા/એકસ સર્વિસમેન/રમત-ગમતમાં ભાગ લીધેલ હોય તો તેના ઉપર **"Click"** કરવાનું રહેશે. જે તે કેટેગરીના ઉમેદવારે પોતાની કેટેગરી પસંદ કરવાની રહેશે.

૬. ત્યાર બાદ ઉમેદવારે પોતાનું હાલનું સરનામું/કાયમી સરનામાની વિગતો ભરવાની છે અને બંને સરનામાની વિગતો એક સરખી હોય તો હોય તો હા/ના ઉપર "Click" કરી લાગુ પડતી વિગતો ઉમેદાવારે ભરવાની રહેશે.

૭. ત્યાર બાદ ઉમેદવારે પોતાની શૈક્ષણિક લાયકાત ભરવાની છે. જેવી કે ધોરણ-૧૨ પાસ, પાસ કર્યાનું બોર્ડ/પાસ કર્યાનું વર્ષ તથા તેમાં મેળવેલ ટકા/ગ્રેડની વિગતો ભરવાની રહેશે. **(પ્રમાણપત્ર ફરજીયાત અપલોડ કરવાનું રહેશે)**

૮. ઉમેદવાર કોમ્પ્યુટર કૌશલ્યનું જ્ઞાન ધરાવતા હોય તો હા/ના ઉપર "Click" કરવાની રહેશે. **(પ્રમાણપત્ર ફરજીયાત અપલોડ કરવાનું રહેશે)**

૯. ઉમેદવારે લેખિત પરીક્ષા આપવા માટે પોતાનો ઝોન ( પરીક્ષા કેન્દ્ર) પસંદ કરવાનું રહેશે. જેમા (૧) નોર્થ ગુજરાત (૨) સાઉથ ગુજરાત (૩) સૌરાષ્ટ્ર અને (૪) મીડલ ગુજરાત જેવા કેન્દ્રો રાખવામાં આવેલ છે. આ ચાર પૈકી ઉમેદવારે પ્રથમ કયા સેન્ટર ઉપર લેખિત પરીક્ષા આપવી છે તેની ક્રમાનુસાર પસંદગી કરવાની છે.

૧૦. ત્યાર બાદ ઉમેદવારે ઉપરોકત વિગતો ભરેલ છે તેના પ્રમાણપત્રની સ્કેન કરેલ કોપી/નકલ અપલોડ કરવાની છે. (૧) ઉમેદવારનો તાજેતરનો ફોટો (૨)ઉમેદવારની સહી (૩) જન્મનુ પ્રમાણપત્ર (૪) જાતિનું સર્ટીફીકેટ (લાગુ પડતુ હોય તેને માટે) (૫) શા.ખો. ખા.નું સર્ટીફીકેટ (લાગુ પડતુ હોય તેને માટે) (૬)રમત ગમતનું સર્ટીફીકેટ (લાગુ પડતુ હોય તેને માટે) (૭)લગ્નનું પ્રમાણપત્ર (લાગુ પડતુ હોય તેને માટે )(૮) વિધવા મહિલા ઉમેદવાર માટે લગ્નનું પ્રમાણપત્ર અને પતિના અવસાનનું Death Certificate (૯) કોમ્પ્યુટરની જાણકારીનુ પ્રમાણપત્ર (૧૦) એકસ સર્વિસમેનનું પ્રમાણપત્ર (લાગુ પડતુ હોય તેને માટે) "Click Here to upload " અપલોડ કરવાના છે.

૧૧. હવે Upload Photograph પર Click કરો અહી તમારો પાસપોર્ટ સાઇઝનો ફોટો Upload કરવાનો છે. (Photo Upload કરવા સૌપ્રથમ તમારો Photo jpg format માં (15 kb) સાઇઝથી વધારે નહી તે રીતે સ્કેન કરી Computer માં Save કરેલા હોવા જોઇએ) હવે Browse button પર Click કરો. ત્યારબાદ Choose file ના સ્ક્રીનમાંથી જે ફાઇલ jpg format માં તમારો ફોટો સ્ટોર થયેલ છે તે ફાઇલને સીલેકટ કરો અને Open button પર કલીક કરો. હવે Browse button ની બાજુમાં "Upload" Click કરો. હવે બાજુમા તમારો Photo દેખાશે. હવે આજ રીતે Signature પણ upload કરવાની રહેશે. (ફોટાનું માપ ૫ સે.મી.ઉંચાઇ અને ૩.૬ સે.મી. પહોળાઇ અને Signature નું માપ ૨.૫ સે.મી. લંબાઇ અને ૭.૫ સે.મી. પહોળાઇ રાખવી)

૧૨. હવે,ઉમેદવારે ડીકલેરેશન/બાંહેધરીની નીચે આપેલ અંગ્રેજી અક્ષર જે આપેલ બોક્ષમાં ટાઇપ કરી પ્રિવ્યુ ઉપર "Click" કરવાથી ઉમેદવારે પોતાની ભરેલ અરજી/એપ્લીકેશનની સંપૂર્ણ વિગતો બતાવશે. ત્યાર બાદ નીચે આપેલ "OK" બટન ઉપર "Click" કરવાનું રહેશે. ઉમેદવારે આ ભરેલ વિગતો ચકાસણી કરી **√ I agree** બટન પર કિલક કરવાની રહેશે. ઉમેદવારે ભરેલ વિગતો બરાબર છે તેમ લાગે ત્યારે જ **Submit નું** બટન પર "Click" કરવાનું રહેશે. **Submit ના** બટન પર "Click" **કર્યા બાદ ફેરફારો કરવા માટે કોઈ જોગવાઈ નથી.**

૧૩. Online Form ની ઉપર તમારો Application ID Generate થયા બાદ જ પ્રિન્ટ માટે ફોર્મની ઉપર જમણી બાજુએ Print નું ઓપ્શન કિલક કરવાથી પ્રિન્ટ નીકળશે. Application ID Number Generate થયેલ હશે તે હવે પછીની ભરતી અંગેની તમામ કાર્યવાહી માટે જરૂરી હોઇ, ઉમેદવારે સાચવવાનો રહેશે.

૧૪. પરીક્ષા ફી :

| **ક્રમ** | **વિગત** | **અરજીની ફીની રકમ રૂા.** |
|---|---|---|
| ૧. | બિન-અનામત પુરૂષ/મહિલા ઉમેદવાર માટે. | ૧૦૦૦/- + બેંક ચાર્જીસ |
| ૨. | અનામત પુરૂષ/મહિલા ઉમેદવાર માટે.(Ex. Service Man સિવાય) (ST/SC/SEBC/PH) | ૨૫૦/- + બેંક ચાર્જીસ |

ઉમેદવારને પરીક્ષા ફી + બેંક ચાર્જીસ ઓન-લાઇન ભરવા માટે બેંકનું ક્રેડીટ કાર્ડ/ડેબીટ કાર્ડ/નેટ બેંકીંગથી પરીક્ષા ફી + બેંક ચાર્જીસની વિગતો ભરવાની રહેશે. પરીક્ષા ફી ભર્યા બાદ ઉમેદવારે પસંદ કરેલ કેટેગરી મુજબની ફી HDFC બેંકમાં સ્વીકાર થઇ જશે. પરીક્ષા ફી ભરવા માટેની રસીદ માટે અંગ્રેજી/ગુજરાતી તથા ઉમેદવારને લાગે તે ભાષા પસંદ કરી શકાશે.

**૧૫. હેલ્પ ડેસ્ક:**

ઉમેદવારને ઓનલાઇન ફોર્મ ભરતી વખતે માર્ગદર્શનની આવશ્યકતા જણાય તો ફોન નં. 022-61306267 (સોમવાર થી શનિવાર સવારના ૦૯.૦૦ થી સાંજના ૧૮.૦૦ કલાક)નો સંપર્ક કરવો અથવા E-mail: sausclhelpdesk@gmail.com પર ઇ–મેલ કરવો.